

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ડૂબાડવાં જેવાં ડૂબાડે ના, પાપીઓ ને તારે છે,*
*રક્ષણ કરે એ રાક્ષસોનું, નિર્દોષ ને મારે છે.*
*ભારે અંધેર છે ત્યાં પણ - આ સરકાર જેવું જ -*
*અનીતિથી ઉભરાતું વિશ્વ પ્રલયને આરે છે...*

હાઈકુ

*ખોટા માપનાં*
*ત્રાજવાં લઈ બેઠો*
*કરે છે 'ન્યાય'!!*
*(દેર પણ - અંધેર પણ...)*

*બે અદબી ને*
*ભૂલચૂક અમારી -*
*કરજો ક્ષમા...*
*(મિચ્છામિ દુક્કડં)*

### ચિંતન

*સિદ્ધસ્યૈવ કાર્યસ્ય પ્રકાશનં કર્તવ્યમ્ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**કાર્યપૂર્ણ થયા બાદ જ એને જાહેર કરવું જોઈએ.**

**કોઈ કાર્ય પૂર્ણ થાય, સિદ્ધ થાય એ પછી જ એની માહિતી અન્ય લોકોને આપવી જોઈએ. કાર્ય જારી હોય ત્યારે જો માહિતી બહાર પડી જાય ત્યારે શત્રુઓ એમાં વિધ્વ નાખી, એને નિષ્ફળ બનાવવા પ્રયત્નો કરે છે અને નિષ્ફળ પણ બનાવે એવી સંભાવનાઓને ઈન્કારી ના શકાય.**

**આજે ચૂંટણી વખતે, કે કોઈ ગામ-સ્થળની મૂલાકાતમાં કે પ્રચાર સભાઓમાં શ્રીમાન નેતાજીઓ મોટાં-ખોટાં વચન આપી પ્રજાજનોને લાડુ પીરસે છે પણ ગાદી પર બેસતાં જ એને 'વિસ્મૃતિ' થઈ જાય છે.**

**વચનો આપવા કરતાં કામ કરીને બતાવો.**

### સુવિચાર

- ઉપકાર કરવો એટલે દેવું ચૂકવવાની તક મળી છે તેવી ભાવના સાથે પારકાના દુઃખમાં ભાગ લેવો - **એસ. ભટ્ટાચાર્ય**
- ચમત્કાર અને સિદ્ધિના મોહમાં પડનાર, સાચા ચૈતન્યનો પરિચય પામી શકતો નથી - **ટાગોર**
- ઉત્તમ વિચારોનું વાવેતર કરવાનો જેન સમય મળ્યો નથી, તેઓ ઉત્તમ સદ્‌ગુણોના પાકની આશા કેવી રીતે રાખી શકે? - **વિનોબા ભાવે**
- અન્યાય મુંગે મોઢે સહન કરવો એ અવિચારીને પ્રોત્સાહનનું ઘી પાવા બરાબર છે - **જનકલ્યાણ**
- અજ્ઞાનમાંથી જ્ઞાન, અંધકારમાંથી પ્રકાશ અને અસત્યમાંથી સત્યનો માર્ગ એ જ ધર્મ માર્ગ - **જ્ઞાનસૂત્ર**
- પોતાના 'સ્વરુપ' સિવાય જે કંઈ પણ સ્મૃતિમાં રહેશે તે બધા વિષયો જ છે - **આપ્તસૂત્ર**

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

બરફ બનાવવાના કારખાનામાં એક માણલ નોકરી કરતો હતો, એક દિવસ કારખાનું બંધ થતાં પહેલા એ ફ્રિઝર રૂમમાં ચક્કર મારવા ગયો અને ભૂલથી એ દરવાજો બંધ થઈ ગયો. અંદર માત્ર બરફ હતો કે જેથી એ ઠંડીને કારણે મૃત્યુ પામે એળું થઈજાય. બીજા કર્મચારીઓ નોકરી પૂરી કરીને નીકળી ગયા હતા. અને ફ્રિઝર રૂમમાં બીજા કોઈનું ધ્યાન ગયું નહોતું. મોત ધીમે દીમે તેની પાસે આવતું જોઈ તે ભગવાનને પ્રાર્થના ન કરતો હતો ત્યાં અચાનક ફ્રિઝર રૂમનો દરવાજો ખૂલ્યો અને કારકાનાનો ચોકીદાર અંદર આવ્યો અને આ અડધા બેભાન થયેલા કર્મચારીને ઊંચકીને હીટર પાસે સુવાડવી દીધો. થોડીવારમાં પેલો માણસ ભાનમાં આવ્યો એણે પેલા ચોકીદારને પૂછ્યું, 'તમે અંદર કેવી રીતે આવ્યાં ?' તમને કેવી રીતે ખબર પડી કે હું ફ્રિઝર રૂમમાં પૂરાઈ ગયો છું? ત્યારે ચોકીદારે કહ્યું, 'ભાઈ હું આ કારખાનામાં છેલ્લા પાંચ વર્ષથી કામ કરું છું, આ કારખાનામાં ઘણા કર્મચારીઓ છે જે લોકો રોજ આવજા કરે છે પણ આ બધામાં તમે એક જ છો જે હસીને રોજ આવતાં ગુડમોર્નિંગ કહો છો અને જતી વખતે ગુડબાય કહો છો. આ ગુડમોર્નિંગ એ ગુડબાયથી મને ખૂબ સારું લાગે છે. આજે સાંજે મને આપનું ગુડબાય સાંભળવા ન મળ્યું એટલે હું તમને શોધવા નીકળ્યો.'

# ડેરાઓ પર કાનૂની સકંજાની તાકીદ

**તંત્રીસ્થાનેથી...**

હરિયાણાના સિરસા શહેરમાં બાબા ગુરમીત રામરહીમનો ડેરો છે. એનું નામ તો 'ડેરા સચ્ચા સૌદા' છે પણ ડેરાના સર્વે સર્વા બાબાએ એમના લાખો અનુયાયીઓ પર એવી ભુરકી છાંટી છે કે પંદર વર્ષ અગાઉની બે સાધ્વીઓ સાથેની યૌન શૌષણની ફરિયાદમાં બાબા વિરુદ્ધ આવેલો ચુકાદો હરિયાણા માટે ખોટનો સોદો સાબિત થયો છે. સીબીઆઈ કોર્ટે બાબાને જેવા દોષિત ઠેરવ્યા કે તરત જ પંચકૂલા અને સિરસા ખાતે જ નહીં બલકે બાબાના અનુયાયીઓ જયાં જયાં રહેતા હતા ત્યાં આક્રોશ ફાટી નીકળ્યો. પરિણામે હરિયાણા સરકારને પણ નામોશીભરી સ્થિતિમાં મુકાઈ જવું પડ્યું અને તોફાની સપર્થકોને કાબૂમાં લેવા માટે સેના બોલાવવી પડી છે. અદાલતને આવું કંઈક અઘટિત બનશે એવી દહેશત હતી જ. એટલે પંચકૂલા ખાતે ઠલવાઈ રહેલા ડેરા સમર્થકોને વેળાસર હટાવવાનું આગોતરું સૂચન પણ કર્યું હતું. પરંતુ હરિયાણાની મનોહરલાલ ખટ્ટરના નેતૃત્વવાળી સરકાર માટે ડેરા સમર્થકો તો મસમોટી વોટબેંક નીવડેલા હોઈ એ કોઈ અસરકારક પગલાં ન લઈ શકી. ડેરા સમર્થકોએ સરકારી મિલકતો ઉપરાંત મીડિયા કર્મીઓ અને સ્થાનિક રહેવાસીઓને બેશુમાર નુકશાન પહોંચાડી એમની આંધળી આસ્થાનું પ્રદર્શ કર્યું. બત્રીસ કરતાં વધુ જીવ ગયા અને અઢીસો જેટલા લોકો ઘાયલ થયા. સરકાર ચુપચાપ તમાસો જોતી બેસી રહી. બધું પતી ગયા પછી કેન્દ્રના આદેશને માન આપી મોદીના લાકડા મુખ્યમંત્રી પંચકૂલાની મુલાકાતે પહોંચ્યા ત્યારે પ્રજાએ એમના રેઢિયાળ શાસન પર ફિટકાર વરસાવવામાં કોઈ કસર નહોતી રાખી. અદાલતે મિલકતોને થયેલ નુકશાન ડેરાની સંપત્તિ ટાંચમાં લઈ ભરપાઈ કરવાનો આદેશ કર્યો છે. આ એક ધૃણાસ્પદ વાસ્તવ છે, જેનો પરચો ગુજરાત સહિત બીજાં અનેક રાજયોમાં વિશાળ અનુયાયી ધરાવતા આસારામના કેસમાં અગાઉ મળી ગયો હોવા છતાં હરિયાણા સરકારે એને ચૂંટણીમાં ડેરા મારફત મળેલ સમર્થનને શરમ ભરીને ઢીલું મૂકતાં આવી શરમજનક સ્થિતિનો સામનો કરવાની નોબત આવી છે. હરિયાણાં આજે ચૂંટણી યોજાય તો ભાજપના ઉમેદવારો માટે ડિપોઝીટ બચાવવી મુશ્કેલ પડે એવાં સંજોગો સરજાયા છે. લોકો સામે ચાલીને ખટ્ટરનું રાજીનામું માગી રહ્યાં છે. અગાઉ સંત રામપાલની ધરપકડ કરવામાં પણ ખટ્ટર સરકારે આવું જ ઢીલું વર્તન દાખવ્યું હતું. જાટ આદોલન વખતે પણ સરકારની નિષ્ફળતા જ પ્રગટ થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાદુઈ કરિશ્માથી પ્રેરાઈ પ્રજાએ પ્રાદેશિક પક્ષને તેમ જ કોંગ્રેસને જાકારો આપી ભાજપની છત્રછાયા અને સુખાકારીની અપેક્ષા રાખી હતી તે સદંતર નિષ્ફળ રહી છે. હરિયાણાની આગ પાડોશી ઉત્તરપ્રદેશ, દિલ્હી અને પંજાબ તથા ઉત્તરાખંડને પણ દઝાડી રહી છે. શું ચૂંટાયેલી લોકશાહી સરકારો માટે આવી સાંપ્રદાયિક વોટબેંકો આગળ ઝૂકી જવું જરૂરી છે? જો એવો જ અભિગમ ચાલુ રહેશે તો હિંદુસ્તાનમાં તો અત્ર-તત્ર-સર્વત્ર આવા ડેરા અને આશ્રમો પથરાયેલા છે. લોકશાહીમાં ન્યાયનું શાસન સ્થપાય તે જરૂરી છે. આવા શેતાની ચરખાઓને અદાલત ગુનેગાર ઠેરવે ત્યારે અનુયાયીની ગુંદાગીરીથી નિર્દોષ પ્રજાને અને જાહેર મિલકતોને થનાર નુકશાન સંદર્ભે પણ ગંભીર ચિંતન થવું જોઈએ. બલકે આવી હિંસક ટોળાશાહીને નાથવા માટે સરકારે અને સમાજે સાથે મળીને કોઈ ઉકેલ શોધવાની પહેલ કરવી જોઈએ. જરૂર લાગે તો આવા આશ્રમો પર કાયદો બનાવીને પ્રતિબંધ પણ લાદી શકાય. ધર્મ સંપ્રદાયના નામે નિર્દોષ નાગરિકોને વેઠવી પડતી હાલાકી રોકવાના કારગત ઉપાયો શોધવાની આ તાકીદ છે.

# અર્થ ઓવર સૂટ ડે - પૃથ્વી પર અતિક્રમણ દિન






## વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

૨, ઓગસ્ટ, ૨૦૧૭ આપણી પૃથ્વી પરનો 'અર્થ' ઓવર સૂટ ડે એટલે કે 'પૃથ્વી અતિક્રમણ દિન' હતો. આ દિવસને અગાઉ ઈકોલોઝીકલ જેબ્ટ કે (Ecological debt Day) તરીકે ઓળખવામાં આવતો હતો.

આપણી પૃથ્વી કુદરતી સ્રોતોનું સર્જન કરે છે. જેમાં બધા જ પ્રકારની વનસ્પતિ, વનો, વન્યજીવો, પ્રાણઈ વગેરે તમામ સજીવોનો સમાવેશા થાય છે, વિવિધ આહાર જાળ, આહાર સાંકળ, જૈવ રાસાયણિક ચક્રો તથા પારિસ્થિતિકી તંત્રોનું સંતુલન જાળવી રાખે છે. આ કારણે પૃથ્વી પર સ્રોતોનું ટકોરપણું જોવા મળે છે, સંતુલન જોવા મળે છે.

પરંતુ આપણે માનવોએ તેનો બેફામ અને અવિવેકપૂર્ણ ઉપયોગ કરીને દોહનને બદલે શોષણ કર્યા કર્યું છે. આ કારણે આપણી પૃથ્વી એક વર્ષમાં જે ઉત્પાદન, સર્જન કરે છે તે આજની તારીખે વર્ષમાં પ્રથમ દિન એક - જાન્યુઆરીથી લઈ ઓગસ્ટ, ૨જી એ વપરાઈ ગયું.

ગ્લોબલ ફૂટ પ્રિન્ટ નેટવર્ક નેશનલ ફૂટપ્રિન્ટ એકાઉન્ટ ૨૦૧૭ના અહેવાલ મુજબ વર્ષ ૧૯૬૯માં 'અર્ત ઓવરસૂટ ડે' પ્રથમ જાન્યુઆરી હતો એટલે કે એક વર્ષ દરમિયાન પૃથ્વી જે કુદરતી સ્રોતો, ઈકોલોજીકલ રિસોર્સીસ સર્જન કરતી હતી તેટલું જ માનવજાત દ્વારા ઉપભોગમાં લેવાતું હતું. તે મુજબ એક પૃથ્વી આપણાં માટે પુરતી હતી. તે અગાઉના વર્ષોમાં સ્થિતિ તેનાથી પણ સારી હતી.

વર્ષો વીતતા ગયા. માનવ વસતી વધતી ગઈ. માનવોની જરૂરિયાતો વધતી ગઈ અને તેમાં પણ ભૌતિક સુખોની આંધળીદોટ અને સંશોધનનો બેફામ ઉપયોગ થવાને કારણે આ વર્ષ ૨૦૧૭ના અંક મુજબ માનવ જાત એક વર્ષની સામે ૧.૭ પૃથ્વી જેટલું વાપરે છે.

'આ પૃથ્વી નિયત છે. આપણાં માનવોની સંભાવનાઓ નથી. એક પૃથ્વી પર જીવનું ટેકનોલોજીકલી શક્ય છે, આર્થિક રીતે પણ ફાયદાકારક છે અને તેના થકી આપણાં સમૃદ્ધ ભવિષ્ય માટેની તકો પૂરતી છે.'

આ શબ્દો મેથસ વોકર્સગેલના છે. તેઓ ચીફ એક્ઝ્યુકીટીવ ઓફિસર છે ગ્લોબલ ફૂટપ્રિન્ટ નેટવર્કના અને ઈકોલોજીકલ ફૂટપ્રિન્સના કો - ક્રિએટર છે. તેમની ગ્લોબલ ફૂટપ્રિન્સ નેટવર્ક સંસ્થા દ્વારા આ વર્ષે એક નવીન મોબાઈલ ફ્રેન્ડલી ફૂટપ્રિન્ટ કેલ્ક્યુલેટર લોન્ચ કરવામાં આવ્યું.

આ મોબાઈલ કેલ્કયુલેટરની મદદથી જે તે તે વ્યક્તિ કુદરત પરની તેની નિર્ભરતા કે ભારણની ગણતરી માંડી ને તે વ્યક્તિની 'ઈકોલોજીક ફૂટ પ્રિન્ટ' દર્શાવે છે. આ રીતે સમગ્ર વિશ્વની ઈકો લોજીકલ ફૂટપ્રિન્ટ કાઢી શકાય અને તેના આધારે 'અર્થ' ઓવર શૂટ ડે' નક્કી થઈ શકે છે. પૃથ્વી ૩૬૫ દિવસના સર્જનને આપણે કેટલા દિવસમાં ખર્ચી કે વાપરી નાંખીએ છીએ તે પણ જાણી શકાય.

આ પ્રકારની એક જાગૃતિને કારણે આપણે આપણી જરૂરિયાતોને મર્યાદિત કરીને સંતુલિત કરી શકીએ શકીએ. માનવજાતિ તરફથી વનોનો વિનાશ, વધુ પડતી માછલીઓને પકડવી. પૃથ્વી પરના વનો કે વૃક્ષો દ્વારા સંચય થઈ શકે છે તેનાથી વધુ માત્રામાં વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનુ ઉત્સર્જન કરવું, વન્યજીવોનો શિકાર-વેપાર કરવો જેવા કારણોથી વનવિનાશ, દુષ્કાળ, વાવાઝોડા, અતિવૃષ્ટિ, વૈશ્વિક તાપમાનમાં વધારો, હવામાન બદલાવ, પીવાના પાણીની અછત, જમીનનું અવનતી કરણ, જૈવિક વિવિધતાનો નાશ, વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનો વધારો થઈ રહ્યો છે.

વિશ્વના ૨૦ લાખથી વધુ લોકો જેમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષણવિદો અવા કેલ્કયુલેટને આ વર્ષે વાપર્યું. આ પ્રકારની જાગૃતિ માનવ જાતિના અસ્તિત્વ માટે અનિવાર્ય બની છે.

# ગુજરાતમાં ત્રીજો મોરચો કે વિકલ્પ કે 'શક્તિ'નો 'વિજય' થશે ?



## મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતની રાજનીતિ હવે એકદમ વાઈબ્રેશન મૉડ પર આવી ગઇ છે. પાંચ વર્ષથી સૂતેલા નેતાઓ, આગેવાનો, કાર્યકર્તાઓ હવે અચાનક જાગશે અને સક્રિય બનશે. જો કે આ બધુ પાંચ વર્ષથી પ્રજા તો જોઇ જ રહી છે. આ વખતની ચૂંટણીમાં ''વિકાસ''નો મુદ્દો કામ નથી આવવાનો, પણ ગુજરાતમાં જ્ઞાતિ-જાતિ, ધર્મ અને સંપ્રદાયોના પરિબળો પરિણામલક્ષી બને છે. કેમ કે વર્ષોથી મોટેભાગે દરેક પક્ષ દરેક બેઠક ઉપર કંઇ જ્ઞાતિ-જાતિના મતદારોનું પ્રમાણ વધુ છે એને ધ્યાનમાં રાખીને ટિકિટની ફાળવણી કરે છે. અને વ્યક્તિ યોગ્ય હોય કે ના હોય જ્ઞાતિના સહકારથી કે પક્ષની લોકપ્રિયતાથી પરિણામ પણ મેળવે છે. આ વખતે આ ગણિત પણ બહું કામ નથી લાગવાનું. કારણ કે આ ૨૧મી સદી છે. દરેક યુવા મતદારોના હાથમાં એક સ્માર્ટ મોબાઈલ છે. તેથી તે પણ સ્માર્ટ છે. હવે ગામડામાં લોકો ચોરે બેસીને ભજન નથી કરતા પણ લેપટૉપ લઈને દેશ અને દુનિયાની ઘટનાઓ જૂએ છે. હવે ગામડે પાણી ભરવા જતી સ્ત્રીના હાથમાં પણ સ્માર્ટ ફોન—વીથ વોટ્સપ હોય છે. તેથી હવે પ્રજાને ખોટી રીતે ભરમાવવી અશક્ય છે.

હાલ ગુજરાતમાં છેલ્લા ત્રણ ટર્મથી ભાજપની સરકાર છે. એનો મતલબ એ કે પ્રજાએ ભાજપને સ્વીકાર્યો છે. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે પ્રજાએ માનનીયશ્રી નરેન્દ્ર મોદી પર પૂર્ણ વિશ્વાસ મુક્યો છે. ભલે આ સમયમાં ૧૯૯૮ થી ૨૦૦૮ સુધી દસ વર્ષ સરકારી નોકરીઓની ભરતી પર રોક લાગી હોય, શિક્ષણમાં આકરા પગલા લીધા હોય વહીવટી માળખામાં અનેક ફેરફારો કર્યા હોય, નોકરીયાત વર્ગને કદાચ નહી ગમ્યું હોય પરંતુ લોકહિતને કારણે પ્રજાએઆ નિર્ણયો પણ સ્વીકારી—સમજીને એમને છેક દિલ્હી સુધી પહોંચાડ્યા. પણ હવે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત નમો વિનાનું છે. નમો દિલ્હી છે. એમના શીરે હવે આખા ભારતની પ્રતિષ્ઠા અને સંસ્કૃતિ છે. તેથી આ ત્રણ વર્ષમાં ગુજરાતમાં ભાજપની લોકપ્રિયતાનો ગ્રાફ નીચે ઉતર્યો હોય પ્રજાનો મૂડ જોતા એવું માની શકાય. હવે ભાજપ પાસે ગુજરાતમાં નમો નથી. કે નથી કોઇ યોગી આદિત્યનાથ. રાજનીતિમાં વધુ પડતી સજ્જનતા કે દૂર્જનતા પણ હાનિકારક નીવડે છે. કોંગ્રેસમાં હાલ ૮.૪ રિકટલ સ્કેલનો ભૂકંપ થયો છે. તેના આફટર શૉક હજીયે શમ્યા નથી. જો કે લોકો તો એવું પણ માની રહ્યા છે કે એક બાપુ જતા કોંગ્રેસનાં ઘણા બધા મોટા નેતાઓને હાશકારો થયો છે. તો વળી કોઇ મજાકમાં એવું પણ કહે છે કે રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી કચરો નીકળી ગયો. હવે એ કચરો ભાજપને બગાડશે.

આ રાજ્યસભાની ચૂંટણીમાં જો કોંગ્રેસ સમજે તો તેને એક સૌથી મોટો ફાયદો એ થયો છે કે કોંગ્રેસની નેતાગીરીનો એક સાચો ચહેરો ઉપસીને પ્રજા સામે આવ્યો છે શ્રી શક્તિસિંહ ગોહિલનો. આમ જોઇએ તો તેઓ વર્ષોથી સંપૂર્ણ નિષ્ઠાથી કોઇપણ વાદ વિવાદમાં સામેલ થયા વિના કોંગ્રેસના એક અદના કાર્યકર તરીકે અને નેતા તરીકે પોતાની સૌમ્ય છવિ બનાવી અને ઉપસાવી શક્યા છે. કોઇ પ્રકારની મોહ માયા કે લાલસામાં ફસાયા વિના ચૂપચાપ કાર્ય કરતા રહ્યા છે. અને આ રાજ્યસભાની ચૂંટણીમાં તેમની નિષ્ઠા, ચતુરાઇ અને કાયદાકીય જ્ઞાનથી એહમદભાઇ જીતી પણ ગયા અને કોંગ્રેસની ઈજ્જત બચી ગઇ. ચારેતરફ શક્તિસિંહની વાહ વાહ થઇ ગઇ. પરંતુ કોંગ્રેસની સૌથી મોટી ખામી છે એની જૂથબંધી, એક જ પક્ષમાં એક સાથે ચાર જૂથ હોય અને ચારેય જૂથ પોતાના કાર્યકરોને સેટ કરવા મથતા રહે, હાઈકમાન્ડને ગેરમાર્ગે દોરવતા રહે તો પરિણામ ક્યાંથી આવે ? રાજ્યસભાની ચૂંટણી વખતે એહમદભાઇના વર્ચસ્વને કારણે કોંગ્રેસ એકરૂપ છે એવું બહાર તો આવ્યું પણ અંદરખાને ચૂંટણી વખતે કંઈક જૂદું જ થશે. કોંગ્રેસ પાસે હાલ ગુજરાતમાં ચાર મુખ્યમંત્રીઓ હોવાનું મનાય છે. હવે ખુરશી એક જ છે. બસ આનું સમાધાન કોંગ્રેસ શોધી લેશે તો આ વખતે સારા પરિણામની આશા રાખી શકાશે. આખા પક્ષને સતા પર લાવવા માટે જે ગુણો જરૂરી છે તેવા ગુણો કેટલા નેતામાં છે ? માત્ર કોઈપણ પક્ષના પ્રમુખ, કે મંત્રી કે પ્રભારી કે વિરોધપક્ષના નેતા બની જવાથી પક્ષને સત્તા પર નથી લાવી શકાતો. પક્ષને સત્તા પર લાવવા માટે પ્રજાના મન સુધી પહોંચવાનું હોય છે. પરંતુ આપણી રાજનીતિની કરૂણતા એ છે કે પૈસાના જોરે રાજનીતિમાં પ્રવેશનાર સીધા દિલ્હીના હાઈકમાન્ડની આજુબાજુ આંટાફેરા કરીને યેનકેન પ્રકારેણ ગુજરાતમાં પક્ષના અગ્રહરોળના પદ પર આરૂઢ થઈ જાય છે. પરિણામે ઘણીવાર આવા આગેવાન નેતાઓ બીજાને તો ઠીક પણ પોતાને ય ચૂંટણીમાં વિજયી બનાવી શકતા નથી. કેમ કે પ્રજા પદને કારણે મત નથી આપતી. પ્રજા કામ જોવાની છે. અને તેથી આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી બધાને વર્ષોથી કહ્યા કરે છે કે '' કામ કરો '' પ્રજામાં લોકપ્રિય થવું હોય તો પ્રજાના કામ કરો, પદ આપોઆપ મળશે. પણ આ સમજ આજકાલ કેમ કોઈ કેળવી શકતું નથી ? એ જ એક આશ્ચર્ય છે. પણ રાજનીતિમાં બધાને સીધુ પદ અને પ્રતિષ્ઠા જોઈએ છે.

હવે પ્રજા જાગી ગઈ છે. અખબારો, મિડીયા અને ઈન્ટરનેટને કારણે પ્રજાને ભરમાવી શકાય એમ નથી. વળી ગુજરાતની પ્રજાએ કોંગ્રેસની અને ભાજપની બન્નેની સરકારો, સત્તા અને પરિણામો જોઇ લીધા છે. કોંગ્રેસના આંતરકલહ અને પારિવારિક પરંપરાને કારને પ્રજાએ એને નકારીને ભાજપને ગુજરાતની ધૂરા સોંપી અને છેલ્લા પંદર-સતર વર્ષથી ભાજપની કામગીરી પણ જોઇ છે. તેથી હવે પ્રજા પાસે ત્રાજવા છે. કોનું પલ્લું ભારે છે. અને કોનું પલ્લું નમે છે એ તો આવનારો સમય જ કહેશે.

એક લેખક, પત્રકાર કે વિચારક તરીકે નહી પણ સામાન્ય પ્રજા તરીકે વિચારું છું તો લાગે છે કે ગુજરાતની પ્રજા '' ત્રીજા વિકલ્પ'' ની શોધમાં છે. પણ આ ત્રીજો વિકલ્પ એટલે ત્રીજો મોરચો નહી કોંગ્રેસ કે ભાજપમાંથી છૂટ્ટા પડીને ફરીથી સત્તારૂઢ થવાની લાલસા સાથે બનેલો ત્રીજો મોરચો ગુજરાતમાં કદી પણ સફળ નહી થાય. કેમ કે જે વ્યક્તિ પોતાના અંગત સ્વાર્થ માટે પોતાના પક્ષનો કે પ્રજાનો દ્રોહ કરે તેનો પ્રજા ફરીથી કેવી રીતે વિશ્વાસ કરી શકે ? અને ત્રીજા મોરચામાં આવા જ બાગી નેતાઓ આવવાના જેમને કોઇ ને કોઇ રીતે પોતાના પક્ષ સાથે ફાવ્યું નથી અથવા પોતાની માંગણી સંતોષાઇ નથી અને પક્ષમાંથી નીકળી ગયા છે. હા, વ્યક્તિગત પોતાની ઈમેજ અને પ્રતિભાથી કોઇ બે ચાર વ્યક્તિ ચૂંટણી જીતી જાય કે બીજાના મતો બગાડી રાજકીય ગણતરી ઊંધી પાડે, એનાથી વિશેષ કોઇ પ્રભાવ નહી પડે.

પ્રજાને જોઇએ છે ત્રીજો વિકલ્પ. હવે ત્રીજા વિકલ્પના સંગઠનની સંભાવના બહું ઓછી છે. તેથી પ્રજા પાસે આગામી ચૂંટણીમાં હવે બે જ વિકલ્પ બચવાના કોંગ્રેસ કે ભાજપ. એન.સી.પી છે પણ એ હજી ગુજરાતમાં પોતાનું અલગ અસ્તિત્વ સાબિત નથી કરી શકી. જેઓ જીત્યા છે તેઓ વ્યક્તિગત પ્રતિભાથી જીત્યા છે. હવે પ્રજા સૌથી પહેલું ''કામ'' જોશે. ભાજપાના ચૂંટાયેલા ધારાસભ્યોએ, મંત્રીશ્રીઓએ પોતપોતાના મતવિસ્તારોમાં ગુજરાતની પ્રજા માટે પ્રજાહિતના ક્યા ક્યા કામો કર્યા ? જેમણે સારા કાર્યો કર્યા હશે તેઓ ભાજપના હશે કે કોંગ્રેસના .. પ્રજા ફરીથી એમને મત આપવાની જ છે. અને જેઓ ચૂંટાયા પહેલા સ્કૂટરમાં ફરતા હતા અને બે ત્રણ રૂમના મકાનમાં જે તે મતવિસ્તારમાં રહેતા હતા અને ચૂંટાયા પછી સીધા જ ૧૦/૨૦ લાખની ગાડીમાં ફરતા થઇ ગયા, ગાંધીનગરમાં બંગલો બનાવી પરિવાર સહિત ત્યા શીફ્ટ થઇ ગયા હશે તેવા નેતાઓ કે મંત્રીશ્રીઓને પ્રજા આ ચૂંટણીમાં પોતાનો મિજાજ પણ વિરોધ પક્ષ તરીકે ગુજરાતમાં કોંગ્રેસની સ્થિતિ સારી છે. વળી મોટાભાગની પ્રજા શિક્ષિત છે. આપણે ત્યાં પરંપરા છે કે વિરોધ પક્ષ એટલે સત્તાપક્ષની બધી જ યોજનાઓનો વિરોધ કરવો. પણ આ નકારાત્મક રાજનીતિ

**અનુસંધાન પાના નં. ૭ પર**



# શુભ થાઓ સકલ વિશ્વનું, એવી ભાવના નિત રહે

## અહિંસા પરમો ધર્મ
પી.એમ.પરમાર

આપણાં શાસ્ત્રોમાં છ વસ્તુ કરવાની ના પાડી છે : કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને મત્સર; અને છ વસ્તુ કરવાની ખાસ ભલામણ કરી છે : સત્ય, દયા, તપ, અહિંસા, અચૌર્ય અને અપરિગ્રહ. સત્ય માટે શ્રીરામ, દયા માટે કરુણામૂર્તિ બુદ્ધ, તપ માટે સમસ્ત ઋણિગણ, અચૌર્ય માટે સંત જ્ઞાનેશ્વર, અપરિગ્રહ માટે મહંમદ પયગંપર સાહેબ અને અહિંસા માટે શ્રી ભગવાન મહાવીર સ્વામીનાં જવલંત ઉદાહરણો મોજૂદ છે. આ સૌને વંદન પ્રણામ.

જૈન ધર્મની આધારશિલા જ અહિંસા છે. પર્વાધિરાજ પર્યુષણ અહિંસાનો જ પર્યાય છે. વિદ્વાનોએ અહિંસાની અનેક વ્યાખ્યાઓ આપી છે પણ સમગ્ર વિશ્વને અહિંસાની સર્વશ્રેષ્ઠ વ્યાખ્યા જૈન ધર્મ અને મહાવીર સ્વામીએ આપી છે જે આ મુજબ છે : 'જગતના કોઈ પણ જીવમાત્રને મન, વચન, કર્મથી કોઈ પણ પ્રકારની પીડા, દુઃખ, હાનિ ના પહોંચડાવાં તેનું નામ અહિંસા.' વેદો અને ઉપનિષદો પણ આ જ કહે છે : 'અહિંસા પરમો ધર્મ.'

કોઈ કોઈનો જીવ લેશે તો એ આખી માનવજાતનો હત્યારો ગણાશે એવું કુરાનમાં કહ્યું છે. તમને જેમ જીવવું ગમે છે તેમ બધા જ જીવોને પણ જીવવું ગમે છે, માટે કોઈ જીવની હત્યા કરશો નહિં તેવું બુદ્ધ ભગવાને કહ્યું છે. અષો જરથુષ્ટે કહ્યું કે : નાની શી કીડીને પણ ઈજા કરશો નહિ, તમારા જેટલો જ જીવવાનો તેને પણ અધિકાર છે.

સંત ગુરુનાનકે કહ્યું : 'ખુદાએ જ તેને બક્ષ્યો છે તેવા પ્રાણીઓને મારવાથી ખુદા કેવી રીતે રાજી થાય ? શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ જૂ, ચાંચડ, માંકડ જેવા નાનામાં નાના જીવની પણ હિંસા કરવી નહિં તેવું જણાવ્યું છે. મહાત્મા ગાંધીજીએ અહિંસાના સૂત્ર દ્વારા આઝાદી અપાવી એ તો જગજાગેર છે. ગાંધીજીએ કહ્યું કે : હું અહિંસા દ્વારા સત્યને શોધું છું. અહીં તો પાપીને પણ હણવાની આજ્ઞા નથી :

હાણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગતમાં;
લડો પાપો સામે, અડગ દિલના ગુપ્ત બળથી.

વાલિયો લૂંટારો ખૂંખાર હતો પણ નારદજીના એક જ વાક્યથી વાલ્મિકી ઋષિ બન્યા; જેસલ જાડેજા સતી તોરલના સંપર્કમાં આવતાં પશ્ચાતાપથી સંત બન્યા; જોબનપગીનું પણ આવું જ શ્રેષ્ટ ઉદાહરણ છે. હિંસાથી હિંસા જ જન્મ લે છે. આજનું આતંકવાદી માનસ સૌની સામે છે. પ્રેમનું શસ્ત્ર તો શાસ્ત્રોથી યે ચડિયાતું છે. પૂજ્ય મોરારી બાપુ તેમની કથાઓમાં સત્ય, પ્રેમ અને કરુણાને વારંવાર પ્રાધાન્ય આપે છે જેમાં મૂળે તો એ અહિંસાનો જ સંદેશ છે અહિંસા અને કરુણા બે સગી બહેનો જ છે કોઈને પણ મારવાથી શું મળે ? :

એક પંખીના ગળે ચીરો પડે;
લોહીની સાથે ટહુકો પડે!

મહાન ચક્રવર્તી રાજા સમ્રાટ અશોકને પણ હિંસા કર્યા પછી પસ્તાવો થયો અને પછી બૌદ્ધ અપનાવ્યો. હિંસા અટકે એ માટે વિદ્વાન હોવું ફરજિયાત નથી.એક અભણ ખેડૂત પણ નાગપંચમીના દિવસે ખેતરમાં જઈ નાગપૂજા કરે છે, ગૃહિણી રસોઈ બનાવે ત્યારે સૌ પ્રથમ ગોગ્રાસ કાઢી લે છે, ઘેર ઘેર પક્ષીઓ માટે પાણીનાં કૂંડા (પરબ) લટકે છે, ઘરમાં ચકલીઓને માળો કરવાની છૂટ અપાય છે. તાજાં વિયાયેલાં ગલુડિયાંને ચોખ્ખા ઘીનો શીરો ખવડાવાય છે - પ્રેમ અને અહિસાના આ ગુણો ગળથૂથીમાંથી જ મળતા હોય છે એ ભારતીય સંસ્કૃતિને પ્રમાણ.

જીવો અને જીવવા દો - એ સૂત્રમાં અહિંસાને ભાવભીનું આમંત્રણ જ છે. આપણો નરસિંહ મહેતો કહે છે : વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે. જૈન ધર્મના નવકાર મંત્રમાં સૌને મન-વચન - કર્મથી શુદ્ધ નમસ્કાર કરવાનું આવાહ્‌ન એ અહિંસાનું ભાવસભર આમંત્રણ જ છે. એથી એ આગળ જઈએ તો પર્યુષણ પર્વના દિવસે 'મિચ્છામિ દુક્કડમ્' પરસ્પર બોલાય છે. ત્યારે સાક્ષાત્ મહાવીર ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત થાય છે એથી બીજું રુડું શું હોઈ શકે ?

સામી વ્યક્તિને બે હાથ જોડી મન-વચન-કર્મથી મારાથી જો કોઈ પણ ભૂલ જાણે-અજાણે થઈ હોય તો મને માફ કરશો - એમ કહેવું એ જ મહાન માણસની નિશાની છે ત્યારે આવો આજે પર્યુષણ પર્વે આપણે સૌ એકબીજાને મિચ્છામી દુક્કડમ્ પાઠવી ચોવીસે ચોવીસ તીર્થંકરોને વંદન, પ્રમાણ કરી આજથી જ થતી કોઈ પણ હિંસાને કાયમ માટે તિલાંજલિ આપી અહિંસા પરમો ધર્મ - વ્રતને અપનાવી મહાન ભારતનું નિર્માણ કરીએ. મેરા ભારત મહાન.

'પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમ સહુને;
પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને.
મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ સકલ વિશ્વનું, એવી ભાવના નિત રહે.'